GJVD150013032016

Presented on : 07-09-2016
Registered on : 07-09-2016
Decided on : 06-03-2026
**Duration : 9 years, 5 months, 29 days**

**વડોદરાના એમ્પ્લોઈઝ(વર્કમેન) કોમ્પેનસેશન કમીશ્નર અને લેબર જજ**

**(સીનીયર ડીવીઝન) સાહેબની કોર્ટમાં, મુકામ–વડોદરા.**

**વર્કમેન કોમ્પેનસેશન (નોન ફેટલ) અરજી નં.૨૭/૨૦૧૬.**

**આંક:–૪૭**

અરજદાર: અનવર મીરાજ શેખ

ઉ.વર્ષ–૩૮, ધંધો–ડ્રાઈવિંગ,

રહે– મહેંદ્રભાઈની ચાલ,

લક્કી રેસ્ટોરન્ટની પાછળ,

રણોલી, વડોદરા.

વિરૂધ્ધ

સામાવાળાઓ: (૧) ગુરુદયાલસિંહ.એસ.વોહલા( ટ્રાયલ દરમિયાન મૈયત)
(તા. ૧૧/૦૧/૨૦૨૩ના રોજ અવસાન પામતાં
આંક-૩૮થી વારસદારને જોડવાની અરજી મંજુર થતાં)

(૧/૧) બલરાજ કૌર
ઉ.વર્ષ-પુખ્ત, ધંધો- ઘરકામ,
રહે-એ/૯, રણછોડપાર્ક, અમીતનગર સર્કલ,
વડોદરા.

(૨) ઓરીએન્ટલ ઇન્સ્યુરન્સ કંપની લીમીટેડ.
ઠેકાણુ- પહેલો માળ, દિવ્ય જ્યોતી કોમ્પલેક્ષ,
રામાકાકા રોડ, છાણી, વડોદરા.
રણોલી સ્ટેશન રોડ, મુ. રણોલી,
તા.જીલ્લા-વડોદરા.

**વિષય: એમ્પ્લોઇઝ(વર્કમેન) કોમ્પેનસેશન એક્ટ-૧૯૨૩ની કલમ-૨૨ મુજબ રૂ.૪,૧૩,૯૫૫/-નું વળતર મેળવવાની અરજી.**

અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રી-પી.આર.પંડીત

સામાવાળા નં.(૧) તરફે વિદ્વાન વકીલશ્રી- દિપા બરોડાવાલા

સામાવાળા નં.(૨) તરફે વિદ્વાન વકીલશ્રી- અનુરાગ.વી.પટેલ

**(૧)** હાલની અરજીના અરજદારે હાલની અરજી કરીને જણાવેલ છે કે, તેઓ અરજીમાં જણાવેલ સરનામે રહે છે અને બનાવ સમયે તેઓ સામાવાળા નં. (૧) ના ત્યાં નોકરી કરતા હતા. સામાવાળા નં.(૧) તેમના માલીક થાય છે. સામાવાળા નં.(૧) વાહન ટેન્કર નં. જી.જે.૦૬ ટી ટી ૭૨૯૯ ધરાવે છે અને તમામ સરકારી દફતરે તેઓના નામે ચાલે છે. સામાવાળા નં.(૨) વિમા કંપનીએ વાહન નં.જી.જે.૦૬ ટી ટી ૭૨૯૯ નો વિમો ઉતારેલ છે. આમ અરજદાર અને સામાવાળા નં.(૧) વચ્ચે નોકર–માલીકનો સબંધ છે. અરજદાર સામાવાળા નં.(૧) ની માલીકીની ટેન્કર નં.જી.જે.૦૬ ટી ટી ૭૨૯૯ ઉપર ડ્રાઈવિંગ કમ હેલ્પર તરીકે કામ કરતા હતા અને સામાવાળા નં.(૧) અરજદારને માસિક રૂ,૭,૦૦૦/– પગાર ભથ્થુ તથા બહારગામ જાય ત્યારે રૂ.૧૦૦/– મળી કુલ રૂ.૧૦,૦૦૦/– આપતા હતા. સામાવાળા નં.(૧) અરજદારને પગાર પાવતી કે ઓળખપત્ર આપતા ન હતા. અરજદાર સામાવાળા નં.(૧)ને ત્યાં વ્યવસ્થીત નોકરી કરતા હતા અને કોઈપણ તકરાર કામ બાબતે થયેલ નહી.

સામાવાળા નં.(૧)ની સુચના મુજબ અરજદાર તા.૨૮/૧૨/૨૦૧૪ના રોજ ટેન્કર નં. જી.જે.૦૬ ટી ટી ૭૨૯૯ માં કેમીકલ ભરીને અનલોડીંગ કરવા માટે જતા હતા, ત્યારે ધુલીયા ગામ, નાસિક થી દેવડાથી સોંધણા તરફ જતા હતા ત્યારે દેવડા પોલીસ સ્ટેશનની હદમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રોડ પર અચાનક ઢોર આવી જતા, અરજદારે ટ્રકના સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતાં ટેન્કર પલટી ખાઇ જતાં અકસ્માત થયેલ અને તે બનાવની ફરીયાદ દેવડ પોલીસસ્ટેશનમાં થયેલ. અકસ્માતમાં અરજદારને શરીરના તમામ

ભાગો પર ઈજાઓ થયેલ. ડાબા પગની એડીના ભાગે ગંભીર ઈજા થયેલ તેમજ જમણા ખભાના ભાગે ફ્રેકચર થયેલ અને ડાબી આંખમાં ગંભીર ઈજા થયેલ. ઈજાઓના કારણે ઓપરેશન કરવાની ફરજ પડેલ. નાસિક ખાતે હોસ્પીટલમાં તા.૨૮/૧૨/૨૦૧૪ થી તા.૦૩/૦૧/૨૦૧૫ સુધી અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ. ત્યારબાદ વધુ સારવાર માટે સમીપ આઇ હોસ્પીટલમાં અને ઈજાગ્રસ્ત ડાબી આંખની સારવાર માટે મેડીકલ કેર સેન્ટર ટ્રસ્ટ, વડોદરા ખાતે દાખલ કરેલ. અકસ્માતથી થયેલ ઈજાઓની સારવાર કરાવવા માટે રૂ.૫૦,૦૦૦/–થી વધુનો ખર્ચ થયેલ. સારવાર દરમિયાન અરજદાર સાથે કાયમી એક વ્યક્તિ રહેતી હોવાથી તેનો પણ ખર્ચ થયેલ. ડોક્ટરશ્રીના મંતવ્ય મુજબ અરજદાર ડ્રાઇવિંગ કદાપી કરી શકશે નહી, તેથી અરજદારને ૧૦૦% કાયમી ખોડ આવવાની શક્યતા છે.

અરજદારને સામાવાળા નં.(૧) સાથે નોકર–માલીકનો સબંધ છે અને અકસ્માત ચાલુ નોકરી દરમિયાન  થયેલ છે તથા અકસ્માત સમયે સંડોવાયેલ વાહન ટેન્કર નં.જી.જે.૦૬ ટી ટી ૭૨૯૯ની વિમા પોલીસી સામાવાળા નં.(૨) પાસે ઉતરાવેલ છે. અરજદારને સદર અકસ્માતમાં ૪૦% થી ૫૦% જેટલી ફીઝીકલી ખોડ આવે તેમ છે. ડાબી આંખમાં થયેલ ઈજાના કારણે ડોક્ટરશ્રીના અભિપ્રાય મુજબ અરજદાર  ડ્રાઇવિંગ કરી શકશે નહી તેથી વ્યાવસાયિક ખોડ ૧૦૦%  થયેલ છે.

અરજદારની અકસ્માત સમયે ઉંમર ૩૮ વર્ષની હતી. માસિક પગાર રૂ.૭૦૦૦/– અને દૈનિક ભથ્થુ રૂ. ૧૦૦/– મળી માસીક પગાર રૂ.૧૦,૦૦૦/–

હતો, આમ પગાર લીમીટ રૂ. ૮૦૦૦/- ગણતાં કામદાર વળતર અધિનિયમ-૧૯૨૩ મુજબ.....

પગાર રૂ.૮,૦૦૦/-× ૬૦% = ૪૮૦૦/-

રૂ.૪૮૦૦/- × ફેક્ટર ૧૮૯.૫૬= રૂ.૯,૦૯,૮૮૮/-

રૂ.૯,૦૯,૮૮૮/-× કાયમી ખોડ ૪૦%= ૩,૬૩,૯૫૫/- તથા સારવાર ખર્ચના રૂ.૫૦,૦૦૦/- એમ કુલ રૂ.૪,૧૩,૯૫૫/-(અંકે રૂપિયા ચાર લાખ તેર હજાર નવસો પંચાવન પુરા) આ કામના સામાવાળા નં.(૧) અને (૨) ના ચુકવવા માટે જવાબદાર છે.

આમ, અરજદારને અકસ્માત સામાવાળા નં.(૧)ની ફરજ બજાવતા દરમિયાન થયેલ હોઈ અને સામાવાળા નં.(૨)નાએ અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો વિમો લીધેલ હોઈ વળતરની રકમ રૂ.૪,૧૩,૯૫૫/-(અંકે રૂપિયા ચાર લાખ તેર હજાર નવસો પંચાવન પુરા) તથા તે રકમ ચુકવાય ત્યાં સુધીના સમયગાળાનુ વાર્ષિક ૧૨% વ્યાજ તેમજ વળતરની રકમની ૫૦% રકમ પેનલ્ટી પેટે સામાવાળાઓ ચુકવી આપે તેવી અરજ કરેલ છે.

**(૨)** આ કામના સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરવામાં આવતા સામાવાળા નં.(૧) તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલા અને આંક-૨૨થી જવાબ રજુ કરેલ. જેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, અરજદારને અકસ્માત તા.૨૮/૧૨/૨૦૧૪ના રોજ ધુલીયા અને નાસીક વચ્ચે આવેલ દેવડાથી નજીકમાં થયેલ અને તે અંગેની ફરીયાદ દેવડા પોલીસસ્ટેશનમાં

નોંધાયેલ. અકસ્માત અત્રેની અદાલતની સ્થાનિક હકુમતમાં બનેલ ન હોવાથી હાલનો કેસ જે તે કોર્ટમાં ટ્રાન્સફર કરવો જોઇએ.

વધુમાં, સામાવાળા નં.(૧) પોતાના જવાબમાં જણાવેલ છે કે, અરજદાર ટેન્કર નં. જી.જે.૦૬ ટી ટી ૭૨૯૯ ચલાવતા હતા અને ડ્રાઈવિંગ કરવા અંગેનુ કાયદેસરનુ લાયસન્સ ધરાવતા હતા. સામાવાળા નં.(૧)નાઓએ સામાવાળા નં.(૨) વિમા કંપનીનો ટેન્કર નં. જી.જે.૦૬ ટી ટી ૭૨૯૯નો વિમો ઉતરાવેલ હતો. અકસ્માત થતાં અરજદારને થયેલ ઈજાની સારવાર માટે રૂ.૧,૩૯,૭૯૦/-નો ખર્ચ કરેલ. અકસ્માતનો બનાવ અરજદારની બેદરકારીને લીધે બનેલ. અક્સ્માત થયા બાદ તા.૦૯/૦૧/૨૦૧૫ના રોજ ક્લેઇમ ફોર્મ ભરીને સામાવાળા નં.(૨)ને જાણ કરેલ તેથી વિમા કંપનીએ ચુકવવાના નાણાં ચુકવવાની જવાબદારી તેઓની થતી નથી. અકસ્માતમાં અરજદારને ઈજા થતાં સારવાર ખર્ચ રૂ.૧,૩૯,૭૯૦/- કરેલ છે તે ખર્ચની રકમ વિમા કંપની પાસેથી મેળવવા તેઓ હક્કદાર છે. આમ, અરજદારની અરજી કાયદેસરની ન હોઇ તેમજ વિરોધાભાસી હકીકતોને આધારે કરેલ હોય હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) સામાવાળા નં.(૨) ઓરીએન્ટલ ઈન્સયુરન્સ કંપની લીમીટેડ તેમના વકીલ મારફતે હાજર થયેલા, તેઓએ આંક-૧૨થી જવાબ રજુ કરેલ જેમાં તેઓએ મુખ્ય્ત્વે જણાવેલ કે, અરજદારની અરજીનુ કોઇ કારણ ઉભુ થયેલ હોઈ હાલની અરજી રદ થવાને પાત્ર છે. અરજદારે જણાવેલ અક્સ્માત બાબતે તેઓને કોઈ જાણ નથી તેમજ અક્સ્માત બાબતે ક્લેઇમ અંગે તેઓને કોઇ જાણ નથી. વધુમાં હાલના અરજદાર સામાવાળા નં.(૧) તરફથી રૂ.૧૦,૦૦૦/- માસિક પગાર મેળવતા

હતા તેની તેઓને કોઇ જાણ નથી. હાલની અરજીના અરજદાર વેલીડ લાયસન્સ ધરાવતા ન હતા. અરજદારે અરજીમાં જણાવેલ હકીકતો સબળ પુરાવાથી સાબીત કરવી પડે તેમજ કાયમી ખોડ અંગે પણ યોગ્ય પુરાવા અદાલતમાં રજુ કરવા પડે. અરજદારે અરજીમાં જણાવેલ અક્સ્માતની જાણ તેમજ ક્લેઇમની જાણ તેઓને ન હોવાથી અને અરજદારે સામાવાળા નં.(૧)ના મેળાપીપણામાં હાલની અરજી કરેલ હોઇ હાલની અરજી ખર્ચ સહીત નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે અરજદારોએ નીચે મુજબના લેખીત પુરાવા આંક–૪ તથા આંક–૨૭થી રજુ કરેલ છે.

| ક્રમ | દસ્તાવેજનુ નામ | આંક/ માર્ક |
|---|---|---|
| ૧ | વિમા પોલીસી | ૦૪/૧ |
| ૨ | પંચનામાની નકલ | ૦૪/૨ |
| ૩ | ડિસ્ચાર્જ કાર્ડની નકલ | ૦૪/૩ |
| ૪ | ફરીયાદની નકલ | ૨૭/૧ |
| ૫ | પંચનામાની નકલ | ૨૭/૨ |
| ૬ | ભાઉ સાહેબ હીરે હોસ્પીટલ ધુલે, ની ડીસચાર્જ કાર્ડની નકલ | ૨૭/૩ |
| ૭ | ડો. પારસ મેહતા, સીમીપ હોસ્પીટલનાએ આપેલ સર્ટીફીકેટ | ૨૭/૪ |
| ૮ | મેડીકલ કેસ સેન્ટર ટ્રસ્ટનાએ આપેલ ડીસ્ચાર્જ કાર્ડ. | ૨૭/૫ |
| ૯ | કાયમી ખોડનુ અસલ સર્ટીફિકેટ | ૩૧ |
| ૧૦ | લાયસન્સની નકલ | ૨૭/૭ |
| ૧૧ | આર.સી બુકની નકલ | ૨૭/૮ |

| | | |
|---|---|---|
| ૧૨ | વિમા પોલીસીની નકલ | ૨૭/૯ |
| ૧૩ | અરજદાર તરફે વ્યાજ અને પેનલ્ટી નો હક્ક જતો કર્યા હોવાની પુરસીસ | ૪૩ |

આ કામે અરજદારોએ નીચે મુજબના મૌખીક પુરાવા રજુ કરેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર અનવર મીરાજ શેખનુ સોગંદનામુ. | ૧૪ |
| ૨ | અરજદારના સાહેદ ડો.સુનીલ ગજાનન પરાડકરની જુબાની | ૩૦ |

(૫) સામાવાળા નં.(૧) તરફે નીચે મુજબના લેખીત પુરાવા આંક–૨૯થી રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | માર્ક/આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા નં.(૧)નાએ અરજદારને ડો.પારસ મહેતા અને અન્ય ડોક્ટર્સ પાસે કરાવેલ સારવાર અંગેના બીલો. | ૨૯/૦૧ |
| ૨ | સામાવાળા નં.(૧)નાએ અરજદારને વડોદરા ખાતે સારવાર કરાવેલ તેની બીલો. | ૨૯/૦૨ |
| ૩ | સામાવાળા નં.(૧)નાએ અરજદારને નાસિક–ધૂલે મુકામે સારવાર કરાવેલ તેના ખર્ચની સમરી. | ૨૯/૦૩ |
| ૪ | સામાવાળા નં.(૧)નાએ અરજદારના કુટુમ્બના સભ્યોને ચુકવેલ રકમની વિગતો. | ૨૯/૦૪ |

| | | |
|---|---|---|
| ૫ | સામાવાળા નં.(૧)નાએ અરજદારના કુટુમ્બના સભ્યોને ચુકવેલ રકમની વિગતો. | ૨૯/૦૫ |
| ૬ | સામાવાળા નં.(૧)નાએ અરજદારના કુટુમ્બના સભ્યોને ચુકવેલ રકમની વિગતો. | ૨૯/૦૬ |

સામાવાળા નં.(૧) તરફે નીચે કોઇ મૌખીક પુરાવા રજુ કરેલ છે. સામાવાળા નં.(૨) તરફે કોઇ લેખીત કે મૌખીક પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**(૬)** અરજદાર તરફે આંક-૩૨થી ક્લોઝીંગ પુરસીસ રજુ થયેલ છે, જ્યારે સામાવાળા નં.(૧) તરફે આંક-૩૩થી તથા સામાવાળા નં.(૨) તરફે આંક-૩૪થી ક્લોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. અરજદાર તરફે આંક-૪૪થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે જ્યારે સામાવાળા નં.(૧) તરફે આંક-૪૬થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. સામાવાળા નં.(૨) તરફે મૌખીક દલીલ કરવામાં આવેલ છે.

**(૭)** અરજદારની અરજી તથા રજુ થયેલ પુરાવા અને જવાબને વંચાણે લેતાં નીચે મુજબના ઇસ્યુ/મુદ્દા ઉપસ્થિત થાય છે. મારા પુરોગામી કમિશ્નર સાહેબ દ્વારા આંક-૧૩થી મુદ્દા ઘડવામાં આવેલ છે.

૧. શું અરજદાર સાબિત કરે છે કે, અકસ્માત સમયે તેઓ અને સામાવાળા નં.(૧) વચ્ચે કામદાર માલીકનો સબંધ હતો ?

૨. શું અરજદાર સાબીત કરે છે કે, અકસ્માત નોકરી દરમિયાન અને નોકરીના કારણોસર અકસ્માતથી ઈજાઓ થયેલી છે ?

૩. અકસ્માત થયા તારીખે અરજદારનો માસિક પગાર શુ હતો ? તથા તેમની ઉંમર કેટલા વર્ષની હતી ?

૪. અકસ્માત ઈજાઓને કારણે અરજદાર શ્રમયોગીને કેટલી કાયમી– આંશિક અસમર્થતા આવેલી છે?

૫. શું અરજદાર સામાવાળા પાસેથી અકસ્માત ઈજાનુ વળતર મેળવવા હક્કદાર છે? જો હા હોય તો કેટલી રકમ?

૬. શું અરજદાર અકસ્માત ઈજાના અનુસંધાને વ્યાજ, પેનલ્ટી તથા ખર્ચ મેળવવા હક્કદાર છે? જો હા હોય તો કેટલી રકમ?

૭. હાલના કેસમાં વીમા કંપનીની શું જવાબદારી થાય છે?

૮. આખરી હુકમ શો હોઈ શકે?

(૮) હાલની અરજીના કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, મૌખીક પુરાવા, દલીલોનુ વિશ્લેષણ કરતા અગાઉ કામદાર વળતર અધિનિયમ–૧૯૨૩ના અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટના Chiman Surakhia Vasava Versus Ahmed Musa Ustad And Other (1986(0)AIJEL–HC–202330 વાળો હુકમ ધ્યાને લેવો અત્યંત જરૂરી જણાય છે, જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા વર્કમેન કોમ્પ્નશેસન એક્ટની અરજીનો નિર્ણય કરતી વખતે કમિશ્નરે ધ્યાનમાં રાખવાની વિગતો ખુબ જ બારીકાઈથી સમજાવેલ છે, હાલની અરજીનો ન્યાય–નિર્ણય કરતી વખતે ઉપરોક્ત ચુકાદો માનપુર્વક વંચાણે લેવો જરૂરી જણાય છે. ઉપરોક્ત ચુકાદાના રીલેવન્ટ પેરા રજુ રાખેલ છે.

3. The learned Commissioner read the application filed by the workman as if he was construing pleadings drafted by highly trained advocates assisted by solicitors. He found discrepancy between the averments made in the application and the evidence of the workman. According to him, the workman had stated in his application that he was employed by the truck owner as well as by the owner of the quarry while in his evidence he stated that he was employed by the truck owner only. Despite the fact that there was no contrary evidence led by either the truck owner or the owner of the quarry, the learned Commissioner found this discrepancy to be fatal to the case of the workman and hence rejected the application.

4. Thus a funny, but a very unfortunate, situation has arisen. Here is an employee without there being an employer. The person who took work from him and paid wages to him, either the truck owner or the owner of the quarry, has found it convenient to disown him. Both of them have been able to create a smoke screen of technicalities and the learned Commissioner has not been able to come out of the hide-bound thinking influenced by the provisions of the Civil Procedure Code and Evidence Act with which he is more familiar as Civil Judge, Senior Division. He ought to have realised that the functions and duties of the Commissioner are radically different than that of a Civil Judge, Senior Division. It is unfortunate that the learned Commissioner who appears to have been obsessed by the procedural rules and technicalities of Civil Procedure Code and Evidence Act is not sufficiently aware about the underlying principles and object of the Workmen's Compensation Act, 1923 (hereinafter referred to as 'the Act'). In the statement of objects and reasons articulated at the time of moving the Bill which ultimately resulted in passing of the Act, it is stated:

["......The growing complexity of industry in this country, with the increasing use of machinery and consequent danger to workmen,

along with the comparative poverty of the workmen themselves, renders it advisable that they should be protected, as far as possible, from hardship arising from accidents." ]

In the statement of objects and reasons, it is further stated:

["The general principle is that compensation should ordinarily be given to workmen who sustained personal injuries by accidents arising out of and in the course of their employment. Compensation will also be given in certain limited circumstances for disease.........At the same time, on unanimous recommendation of the committee, provision has been made for special Tribunals to deal cheaply and expeditiously with any disputes that may arise, and generally to assist the parties in a manner which is not possible for the ordinary Civil Courts."]

5. Assuming for a moment that no change whatsoever has taken place since the year 1923, even then it was not permissible to the learned Commissioner to adopt a pedantic and indifferent view of the matter and frustrate the claim of the workman. The limited extent to which injured workman or his dependents should be compensated was recognised even by the colonial powers. They

also felt that there was a need to make provision for "special Tribunals to deal cheaply and expeditiously" with disputes regarding compensation cases. They had also felt that it was necessary "generally to assist the parties in a manner which is not possible for the ordinary Civil Courts." That which was recognised by the foreign rulers, is unfortunately, not even read and taken care of, by the learned Commissioner. This is likely to be the position with regard to all the Civil Judges, who are appointed as ex-officio Commissioner for Workmen's Compensation. The situation is lamentable because after the dawn of independence and with the enactment of the Constitution, there is a constitutional command to all the organs of the State including the Judiciary, to see that justice - social and economic - is done to the people who are in need of the same. The learned Commissioner ought to have realised that it was his fundamental duty to respect the ideals of the Constitution (Article 51 A (a)). One of the objects and ideals set forth in the Constitution is to secure to all its citizens socio-economic justice. Moreover, as provided under Art. 39A of the Constitution, the State is required to secure the operation of the legal system so as to promote justice on the basis of equal opportunity, and in particular,

a duty is enjoined upon the State to see that opportunities for securing justice are not denied to any citizen by reason of economic or other disabilities. Having regard to all these constitutional provisions, it becomes the imperative duty of the judicial officers and much more that of the Commissioners appointed under Workmen's Compensation Act, which is a welfare and beneficial legislation that the cause of any person suffering from economic or other disability is not sacrificed on account of technical or such other procedural defects.

6. The learned Commissioner, is not a Civil Court and is not bound by the provisions of Civil Procedure Code or that of Evidence Act. A Division Bench of the Kerala High Court in the case of Kunchali Rudrani V/s. Baby, reported in (1979) I LLJ 306, has held that the provisions of Evidence Act are not applicable to the proceedings before the Commissioner for Workmen's Compensation. Similar observation is made by D. A. Desai, J. (as he then was) in the case of Amubibi V/s. Nagri Mills Co. Ltd. reported in 18 GLR 681. Therein it is observed that the provisions of Evidence Act should not apply to the proceedings under the Workmen's Compensation Act. As far as the procedure to be adopted by the Commissioner is

concerned, specific provision is made in the Act itself (see Secs. 23 and 25 which deal with the powers of the Commissioner with regard to administering oath and calling witnesses and prescribing method of reporting evidence). As per Rule 41 of the Workmen Compensation Rules, only some of the provisions contained in Orders V, IX, XIII, XVI, XVII and XVIII are made applicable to the proceedings before the Commissioners for Workmen's Compensation and that too in so far as they may be applicable. It may be noted that Order VI, VII and VIII of Civil Procedure Code which pertain to "pleadings generally", "plaint" and "written statement" are respectively not made applicable to these proceedings. Moreover, the provisos to the Rule which read as follows, be looked at : ["Provided that [(a) for the purpose of facilitating the application of the said provisions the Commissioner may construe them with such alterations not affecting the substance as may be necessary or proper to adopt them to the matter before him and] [(b) the Commissioner may, for sufficient reasons, proceed otherwise than in accordance with the said provisions, if he is satisfied that the interests of the parties will not thereby be prejudiced."] ] This the provision of Rule 41 gives enough

discretion to the Commissioner to depart from the provisions of the Civil Procedure Code, some of which have been made applicable to the proceedings before him. Therefore, it is obvious that the Commissioner is not bound to follow the procedure prescribed for trial of cases in civil courts, nor is he bound by strict rules of evidence. As provided under Sec. 10-A of the Act, he can even act on information received by him from any source regarding fatal accident and call upon the employer to explain as to under what circumstances death had occurred. He can also ask for the explanation of the employer whether he is or is not liable to deposit the compensation on account of the death. This provision indicates that he can even act suo motu. In our country, where most of the labour population suffers from the curse of illiteracy and poverty and is incapable of entering into legal fight with the employer, it is rather his (Commissioner's) duty to remain alert and vigilant. Wherever necessary with a view to see that the provisions of the Act are strictly enforced, he must act suo motu. With a view to simplify the procedure, the nature of application to be made and the details to be given in the application for compensation are mentioned in Sec. 22 of the Act. This provision clearly indicates that the rules of

pleadings embodied in the Civil Procedure Code are not to be applied to the proceedings before the Commissioner. It may also be noted that Sec. 19 of the Act clearly bars the jurisdiction of civil courts.

7. From the aforesaid discussion it should be clear that the duties cast upon and functions to be performed by the Commissioner are radically different than that of Civil Judge, Senior Division. The powers and duties of the Commissioner call for vigilant approach. He is required to see that the miseries of injured workmen or the dependents of the deceased workmen are mitigated, and their claims are decided cheaply and expeditiously He is required to fee that the claims of the injured workmen or their dependents are not frustrate d on account of technicalities of the provisions of the Civil Procedure Code and that of the Evidence Act. He is not supposed to find faults with the pleadings of the parties.

**પક્ષકારોની દલીલો:**

હાલની અરજીના કામે અરજદાર તરફે આંક–૪૪થી લેખીત દલીલ રજુ કરેલ છે. અરજદારના વકીલશ્રીએ દલીલમાં જણાવેલ છે કે અરજદાર સામાવાળા નં.(૧) ના કામદાર હતા અને નોકરીની ફરજો બજાવતા સમયે તેઓને

અકસ્માત થયેલ છે. અકસ્માતમાં અરજદારને ગંભીર ઈજાઓ થતાં ઓપરેશન કરાવવા પડેલા છે. અકસ્માતના બનાવની નોંધ પોલીસ સ્ટેશને કરવામાં આવેલ છે. ડો. સુનીલ પરાડકર, ઓપ્થાલમીક સર્જન દ્વારા અરજદારનુ કાયમી ખોડ અંગેનુ સર્ટીફીકેટ આપવામાં આવેલ છે, અરજદારને ડાબી આંખમાં ૩૦% વિઝન અકસ્માતમાં થયેલ ઈજાના કારણે જતુ રહેલ છે. અરજદાર પોતે ડ્રાઈવિંગનુ કામ કરતા હતા. ડોક્ટરશ્રીના અભિપ્રાય મુજબ અરજદાર હવે મોટા વાહનો ચલાવી શકશે નહી તેથી અરજદારને પરોક્ષરીતે ૧૦૦% વ્યાવસાયીક ખોડ થવા પામેલ છે તેથી ૧૦૦% વ્યાવસાયિક ખોડ માની વળતર ચુકવવા હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં અરજદારે તરફે દલીલ કરેલ છે કે અકસ્માતમાં સંડોવાયેલ વાહન નં.જી.જે.૦૬ ટી ટી ૭૨૯૯, સામાવાળા નં.(૨) વિમા કંપનીના વિમાથી ઈન્સયોર્ડ હતુ અને પોલીસીમાં તમામ પ્રકારનુ રીસ્ક કવર થતુ હતુ, પોલીસીની અવધીના સમયગાળામાં અકસ્માતનો બનાવ બનેલ હોય, અરજદારને ૧૦૦% વ્યાવસાયિક ખોડ (FUNCTIONAL DISABILITY) ગણવા અરજ કરેલ છે. અરજદારે નામદાર સુપ્રીમ કોર્ટના સિવિલ અપીલ નં.૪૪૯૨/૨૦૨૩(INDRA BAI VERSUS ORIENTAL INSURANCE COMPANY LTD) પર આધાર રાખી ૧૦૦% વ્યાયસાચિક ખોડ પ્રમાણે વળતર ચુકવવા અરજ કરેલ છે.

સામાવાળા નં.(૧) તરફે આંક–૪૬થી લેખીત દલીલ રજુ કરેલ છે, જેમાં તેઓએ મુખ્ત્યવે જણાવેલ છે કે હાલના કામના મુળ સામાવાળા નં.(૧) ગુરુદયાલસિંઘ વ્હાલા તેમના સસરા થતા હતા અને હાલની અરજીના ટ્રાયલ દરમિયાન તેમનુ અવસાન થતાં વારસદાર તરીકે તેઓને હાલની અરજીના કામે

જોડવામાં આવેલ છે. મુળ સામાવાળા નં.(૧) ગુરુદયાલસિંઘ વ્હાલા, તેમના સસરા થતા હતા પરંતુ તેઓની એસ્ટેટનો કોઈ પણ હિસ્સો તેમને પ્રાપ્ત થયેલ હોય તેવો કોઈ પુરાવો અરજદારે રજુ કરેલ નથી. વધુમાં હાલના કામના અરજદારે આં-૪૩થી પુરસીસ રજુ કરી જણાવેલ છે કે સામાવાળા નં.(૧)નાઓએ તમામ સારવાર કરાવેલ હોવાથી સામાવાળા નં.(૧) પાસેથી પેનલ્ટી અને વ્યાજની રકમનો હકક જતો કરેલ છે. આમ, હાલની અરજીની હકીકતો તેઓને કોઈ રીતે લાગુ પડતી ન હોઈ હાલની અરજી તેમના પુરતી રદ કરવા અરજ કરેલ છે.

**મુદાઓની ચર્ચા અને તારણો.**

મુદા નં.(૧) :-

હાલની અરજીના અરજદારે આંક-૧વાળી અરજી અને સોગંદનામામાં જણાવેલ છે કે તેઓ સામાવાળા નં.(૧) ગુરુદયાલ એસ વહોલાની માલીકીના ટેન્કર નં.જી.જે ૦૬ ટી ટી ૭૨૯૯ ના ડ્રાયવર તરીકે કામ કરતા હતા. સામાવાળા નં.(૧)નાએ પોતાના આંક-૨૨ વાળા જવાબમાં સ્વીકાર કરેલ છે કે અરજદાર તેમની ટેન્કર નં. જી.જે ૦૬ ટી ટી ૭૨૯૯ ચલાવતા હતા અને કાયદેસરનુ લાયસન્સ ધરાવતા હતા. આમ સામાવાળા નં.(૧)નાઓએ નોકર-માલીકના સબંધો બાબતે જવાબમાં સ્વીકાર કરેલ હોઈ, અરજદાર અને સામાવાળા નં.(૧) વચ્ચે નોકર-માલીકના સબંધો હતા તેવુ પુરવાર થાય છે.

મુદા નં.(૨) :-

અરજદારે આંક-૧ વાળી અરજીમાં જણાવેલ છે કે, તેઓ સામાવાળા નં.(૧)ના ટેન્કર નં. જી.જે ૦૬ ટી ટી ૭૨૯૯, ના ડ્રાયવર તરીકે કામ કરતા હતા

અને તા.૨૮/૧૨/૨૦૧૪ના રોજ કેમીકલ માલ ભરીને અનલોડીંગ કરવા જતા હતા તે વખતે રસ્તામાં અક્સ્માત થયેલો અને તેની નોંધ દેવડ પોલીસ સ્ટેશનમાં થયેલ. સામાવાળા નં.(૧)નાએ આંક–૨૨ વાળા જવાબમાં સ્વીકારેલ છે કે, અરજદારનો અરજીમાં જણાવ્યા મુજબનો અક્સ્માત થયેલો. વધુમાં અરજદાર તરફે આંક–૪/૨ વાળુ અક્સ્માતની જગ્યાનુ પંચનામુ રજુ થયેલ છે જે વંચાણે લેતાં અરજીમાં જણાવ્યા મુજબનો અકસ્માત થયેલ હોવાનુ જણાઈ આવે છે. વધુમાં આંક–૨૭/૧થી પોલીસ ફરીયાદની નકલ તથા આંક–૨૭/૩થી ભાઉ સાહેબ હીરે હોસ્પીટલનુ ડીસ્ચાર્જ કાર્ડ રજુ થયેલ છે, જે વંચાણે લેતાં અરજદારને સામાવાળા નં.(૧)ની નોકરીની ફરજો દરમિયાન અક્સ્માત થયા હોવાનુ પુરવાર થાય છે.

<u>મુદા નં.(૩) :–</u>

અરજદારે આંક–૧ વાળી અરજી અને આંક–૧૪ વાળા સોગંદનામામાં જણાવેલ છે કે, તેઓને સામાવાળા નં.(૧) માસિક રૂ.૭,૦૦૦/– પગાર અને બહારગામ જાય ત્યારે રૂ.૧૦૦/– ભથ્થુ એમ માસિક કુલ રૂ.૧૦,૦૦૦/– પગાર આપતા હતા. સામાવાળા નં.(૧)નાએ નિમણુક પત્ર કે ઓળખપત્ર આપેલ નહી. સામાવાળા નં.(૧)નાઓ તેમના આંક–૨૨ વાળા જવાબમાં અરજદારના પગાર બાબતે મૌન સેવેલ છે તથા અરજદારની ઉલટતપાસમાં પણ તે બાબતે કંઇ પુછેલ નથી. સામાવાળા નં.(૨) તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં અરજદારે સ્વીકારેલ છે કે માસિક રૂ.૧૦,૦૦૦/– પગાર કમાતા હતા તે દર્શાવતો કોઇ લેખીત પુરાવો રજુ કરેલ નથી. અરજદાર હેવી ટેન્કર

ડ્રાયવર હોઈ, તેમજ નોકરીમાં રહેલ જોખમને ધ્યાને લેતાં તેમજ વર્ષ ૨૦૧૪ના મીનીમમ વેજીસના દરો ધ્યાને લેતાં અકસ્માત સમયે અરજદારનો માસિક પગાર રૂ.૧૦,૦૦૦/– હતો તેવુ પુરવાર થાય છે. વધુમાં અરજદાર તરફે આંક–૨૭/૦૭થી ડ્રાઈવીંગ લાયસન્સ રજુ થયેલ છે, જેનો નંબર–જીજે૧૬૧૯૯૮૦૦૨૦૬૫૬ છે અને તેમાં અરજદારનુ નામ દર્શાવેલ છે. જેમાં અરજદારની જન્મ તારીખ ૨૫/૦૩/૧૯૭૭ દર્શાવેલ છે. અકસ્માત તા.૨૮/૧૨/૨૦૧૪ના રોજ થયેલ હોઈ અકસ્માતના દિવસે અરજદારની ઉંમર ૩૭ વર્ષ ૯ માસ અને ૩ દિવસની હતી તે પુરવાર થાય છે. આમ, અકસ્માત સમયે અરજદારનો પગાર રૂ.૧૦,૦૦૦/– અને ઉંમર ૩૭ વર્ષની હોવાનુ પુરવાર થાય છે.

મુદા નં.(૪) :–

અરજદારે આંક–૧૪થી સોગંદનામુ રજુ થયેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે, અકસ્માતમાં તેઓને શરીરના તમામ ભાગો પર ગંભીર ઈજાઓ થયેલી. જમણા ખભાના ભાગે ફ્રેકચર તથા ડાબી આંખમાં ગંભીર ઈજા થયેલ છે. વડોદરા ખાતે આવેલ મેડીકલ કેર સેન્ટર ખાતે ડાબી આંખનુ ઓપરેશન કરવામાં આવેલ. અકસ્માતમાં ડાબી આંખમાં થયેલ ઈજાને કારણે બિલકુલ દેખાતુ નથી. ડો. સુનીલ પેરાડકર દ્વારા આંખની સંપુર્ણ તપાસ કરીને ૩૦% કાયમી ખોડનુ સર્ટીફીકેટ આપવામાં આવેલ છે. આમ, ફંકશનલ અને વ્યાવસાયિક ખોડ ૧૦૦% થયેલ છે તેમ જણાવેલ છે. અરજદારના સાહેદ ડો. સુનીલ ગજાનન પરાડકર(એમ.બી.બી એસ. એમ.એસ–ઓપ્થાલ્મો) રજી નં.જી/૧૧૧૭૨–જી/૩૦૩૩, ને આંક–૩૦થી તપાસવામાં આવેલ છે, તેઓ સરતપાસમાં જણાવે

છે કે, તા.૦૪/૦૬/૨૦૧૮ના રોજ દર્દી અનવર મીરાજ શેખ તેમની પાસે અકસ્માતની ઈજા બાબતેના ખોડના એસેસમેન્ટ માટે અને તે બાબતના સર્ટીફીકેટ ઈસ્યુ કરવા માટે આવેલા. મહારાષ્ટ્ર મુકામે વાહન અકસ્માતમાં ઈજા થયેલ હોવાનુ જણાવેલ, દર્દીની શારીરીક તપાસ કરેલી અને સારવારના કેસ પેપર્સ સાથે લાવેલા જેનો અભ્યાસ કરેલો, અભ્યાસ બાદ આ મુજબની હકીકતો માલુમ પડેલ.

એમને ડાબી આંખમાં બે વખત સર્જરી થયેલ હોવાનુ અને જેમાં પહેલી સર્જરી કેમીકલ બર્ન્સની ટ્રીટમેન્ટ માટેની અને બીજી સર્જરી બંધ કરેલ આંખને ખોલવા માટે કરેલ હોવાનુ જણાય આવેલ. જે સારવાર તા.૨૮/૧૨/૨૦૧૪થી શરૂ થયેલ હોવાની અને તા.૨૫/૦૭/૨૦૧૬ના રોજ સારવાર પુર્ણ થયેલ હોવાનુ જણાઈ આવેલ. જે આંખનુ પરીક્ષણ કરતા તે આંખની કીકી એક તૃત્યાંશ(લોઅર) ડેમેજ (સફેદ) થયેલ છે. જેને મેડીકલ ભાષામાં એધરન્સ લ્યુકોમા કહેવાય છે અને દર્દી આ આંખથી ચાર ફુટથી દુર જોઈ શકતા નથી. આ રીતે દર્દીને ૩૦% કમાવવાની ક્ષમતા ગુમાવેલ હોવાનુ એસેસમેન્ટ કરેલ અને તે બાબતનુ સર્ટીફીકેટ દર્દીને ઈસ્યુ કરેલ, જે સર્ટીફીકેટને હાલની અરજીના કામે આંક–૩૧ આપવામાં આવેલ છે.

ડો. સુનીલ ગજાનન પરાડકર(એમ.બી.બી એસ. એમ.એસ–ઓપ્થાલ્મો) દ્વારા ઈસ્યુ કરવામાં સર્ટીફીકેટમાં નીચે જણાવેલ વિગતો દર્શાવેલ છે.

MEDICAL CERTIFICATE FOR DISABILITY ASSESSMENT

Name of Patient: Mr. Anwar Miraj Shaikh

Date of Examination: 4 June 2018

Examined By: Dr. Sunil Patadkar

Hospital: SUSMIT Eye Hospital, Vadodara

1. History of Accident

The patient sustained accidental exposure of hydrochloric acid to the left leg and left eye due to a vehicular accident near Denta, Maharashtra on 28.12.2014.

Associated injury included dislocation of the left shoulder.

2. Initial Treatment

The patient was admitted to Government Hospital, Dhule from 28.12.2014 to 03.01.2015 and received emergency treatment.

3. Surgical Treatment

The patient was admitted to KGP Hospital from 16.01.2015 to 17.01.2015 where the following procedure was performed:

- Amniotic Membrane Graft (Left Eye)
- Tarsorrhaphy

The left leg required dressing from 05.01.2015 to 13.05.2015.

Later, on 18.07.2016, the patient was admitted to KGP Hospital for

suture removal of tarsorrhaphy.

4. Current Ophthalmic Examination Findings

Left Eye (LE):

- Lower ½ corneal opacification
- Adherent leucoma
- Peaked pupil

5. Visual Acuity

Left Eye Vision:

Counting Fingers at 4–5 feet

6. Clinical Conclusion

The patient has considerable loss of vision with some disfigurement of the left eye.

7. Temporary Disability Period

Total temporary disablement period:

1. 28.12.2014 – 13.05.2015 (both days inclusive)
2. 18.07.2016 – 25.07.2016 (both days inclusive)

8. Permanent Disability Assessment

Based on ophthalmic findings, the patient has:

30% loss of earning capacity as per the Workmen's Compensation Act, corresponding to permanent partial disability of the left eye.

Doctor’s Signature

Dr. Sunil Patadkar

Reg. No. G–3033

SUSMIT Eye Hospital

12, Nirman Park, Vishwamitri Road

Vadodara

સામાવાળા નં.(૨)ના વકીલશ્રીની ઉલટ તપાસ દરમિયાન સ્વીકારેલ છે કે, દર્દીની જમણી આંખ સંપુર્ણ સારી છે અને દર્દી આ આંખથી સંપુર્ણ જોઇ શકે છે. તેમજ એ બાબતનો પણ સ્વીકાર કરેલ છે કે દર્દી ડ્રાઇવિંગ કરી શકે નહી તેવુ સર્ટીફીકેટમાં દર્શાવેલ નથી.

અત્રેની અદાલત કોઇ મેડીકલ એક્ષપર્ટ નથી, તે સંજોગોમાં એમ.બી.બી.એસ ના અભ્યાસક્રમમાં ઓપ્થાલમીક વિષયમાં ભણાવવામાં આવતા એ.કે.ખુરાનાના પુસ્તકમાં જણાવેલ અભીપ્રાય જાણવો જરૂરી જણાય છે. તે પુસ્તકના પેજ નં.૪૨૬ થી ૪૪૦માં જણાવવામાં આવેલ છે કે,

According to A.K. Khurana – Comprehensive Ophthalmology, ocular injuries may damage different structures of the eye such as the cornea, sclera, lens, retina, and optic nerve, and severe trauma can lead to permanent visual impairment or blindness.

Key points (Textbook concept)

- Ocular trauma may cause:
- Corneal laceration
- Corneal opacity or scar
- Decreased visual acuity
- Permanent loss of vision
- Early surgical repair (suturing) is often required in

penetrating injuries.

Reference:

A.K. Khurana, Comprehensive Ophthalmology, 6th Edition

Chapter: Ocular Injuries

Pages: ~426–440

વધુમાં નામદાર કર્ણાટક હાઇકોર્ટના In *United India Insurance Co., Ltd. v. Nagendra* (2022), the High Court ruled that a driver who lost vision in one eye cannot continue their profession. While they may have some vision in the other eye, the inability to perform the specific skilled job (driving) renders it a 100% loss of earning capacity.

આમ, ડોક્ટરશ્રીની જુબાની પરથી સ્પષ્ટ જણાય છે, અરજદાર ડાબી આંખથી ચાર ફુટથી દુર જોઈ શકતા નથી. હાલના અરજદાર ડ્રાયવર તરીકેનુ કામ કરે છે, અને ડ્રાયવરની નોકરીમાં દ્રષ્ટીનુ ખુબ જ મહત્વ હોય છે. આ સંજોગોમાં અરજદારને થયેલ ઈજાના કારણે તેઓ ડ્રાઈવિંગનુ કામ કરી શકે નહી

તેવુ મારૂ માનવુ છે. આમ અરજદાર જે કામ/વ્યવસાય કરે છે તે ઘ્યાને લેતાં ૧૦૦% FUNCTIONAL DISABLEMENT થયેલ છે તેમ પુરવાર થાય છે.

મુદા નં.(૫) :-

મુદા નં.(૧) થી (૪)ની ચર્ચા વંચાણે લેતાં અરજદાર સામાવાળા નં.(૧)ના કામદાર હોવાનુ તથા ફરજ પર હોવાના સમયગાળામાં અક્સ્માત થયેલ હોવાનુ પુરવાર થાય છે. વધુમાં અરજદારની માસિક આવક અને ઉંમર પણ પુરવાર થયેલ છે. વધુમાં અરજદાર ડ્રાયવર તરીકેનુ કામ કરતા હોઈ અને ડાબી આંખથી ૩ થી ૪ ફુટ દુર જોઇ શકતા ન હોવાનુ પુરવાર થયેલ હોઈ ૧૦૦% વ્યાવસાયિક કાયમી ખોડ થયાનુ પુરવાર થયેલ છે. તેથી વળતરની રકમની ગણતરી નીચે મુજબ કરી શકાય.

**માસિક પગાર રૂ.૮,૦૦૦/-×૬૦%= રૂ.૪૮૦૦/- × ૧૯૨.૧૪(ફેક્ટર)**

**= રૂ. ૯,૨૨,૨૭૨/-( અંકે રૂપિયા નવ લાખ બાવીસ હજાર બસો બોતેર પુરા)**

આમ, અરજદારોને કામદાર વળતર અધિનિયમ-૧૯૨૩ની જોગવાઈઓ મુજબ **રૂ. ૯,૨૨,૨૭૨/-( અંકે રૂપિયા નવ લાખ બાવીસ હજાર બસો બોતેર પુરા)** સામાવાળાઓ પાસેથી મળવાપાત્ર છે તેવુ મારૂ માનવુ છે.

મુદા નં.(૬) અને (૭):-

સામાવાળા નં.(૧)નાએ એમ્પ્લોઇઝ(વર્કમેન) કોમ્પેનસેશન એક્ટ-૧૯૨૩ની કલમ-૪(એ) મુજબ અક્સ્માત તારીખથી ૩૦ દિવસની અંદર કામદાર વળતરની રકમ અદાલતમાં જમા કરાવવી પડે પરંતુ સામાવાળાઓએ આવી કોઇ રકમ સમય મર્યાદામાં અદાલતમાં જમા કરાવેલ નથી તે રેકર્ડ પર

સાબીત થયેલ છે. પરંતુ અરજદારે આંક–૪૩ પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે સામાવાળા નં.(૧)નાએ તેઓને અકસ્માતમાં થયેલ ઈજા અંગે સારવારનો ખર્ચ ભોગવેલ હોઇ તેઓ પેનલ્ટી અને વ્યાજ કલેઈમ કરતા નથી. તેથી વ્યાજ અને પેનલ્ટીનો હુકમ કરવો ન્યાયોચીત જણાતો નથી.

આ કામના અરજદાર સામાવાળા નં.(૧)ના કામદાર હતા અને અને અરજદારને પોતાની ફરજ દરમિયાન અકસ્માત થતાં ઈજા થતાં કાયમી ખોડ થયેલ છે તેવુ સાબીત થયેલ છે. કાયદાની કલમ–૪એ મુજબ માલીકે શક્ય તેટલુ જલ્દી કામદાર/કામદારના આશ્રિતોને વળતર ચુકવી આપવુ જોઇએ. હાલનો કાયદો કામદારોની સુખાકારી માટેનો તેમજ તેમના હીતોનુ રક્ષણ માટેનો છે. આ કામના સામાવાળાઓએ વળતરની રકમ જમા કરાવેલ હોય તેઓ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. સામાવાળા નં.(૧)નાઓની વિમા પોલીસી નં.૧૭૨૩૦૦/૩૧/૨૦૧૫/૭૯૭૫(તારીખ ૧૫/૧૦/૨૦૧૪થી તારીખ ૧૪/૧૦/૨૦૧૫) અકસ્માત તારીખ ૨૮/૧૨/૨૦૧૪ના રોજ ચાલુ હતી તેવુ પુરવાર થયેલ છે. આમ, સામાવાળાઓએ કાયદાની જોગવાઇનુ પાલન કરેલ નથી તેવુ જણાઇ આવે છે.

આમ, અરજદાર પોતાનો કેસ સાબીત કરવામાં સફળ થયેલ હોય તેવુ મારૂ માનવુ છે. અને અત્રેની અદાલત દ્વારા ઘડવામાં આવેલ તમામ મુદા અંગેના યોગ્ય પુરાવા અરજદારોએ રજુ કરેલ હોઈ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે. મુદા નં.(૮) નો હુકમ આખરી હુકમમાં કરવામાં આવે છે.

**:: આખરી હુકમ::–**

૧. આ કામના સામાવાળા નં.(૨) ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટિડને હુકમ કરવામાં આવે છે કે હુકમ તારીખથી દિન–૩૦ માં અરજદારને વળતરની રકમ રૂ. ૯,૨૨,૨૭૨/–( અંકે રૂપિયા નવ લાખ બાવીસ હજાર બસો બોતેર પુરા) અચુક ચુકવી આપવી.

૨. આ કામના સામાવાળા નં.(૧) વિરૂધ્ધમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૩. આ કામના સામાવાળા નં. (૨) ને હુકમ કરવામાં આવે છે કે હાલની અરજીના ખર્ચ પેટે અરજદારને રૂ.૩૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) ચુકવી આપવા.

અધિક્ષકને હુકમ કરવામાં આવે છે કે સબંધીત પક્ષકારોને હુકમની જાણ કરવી.

સદરહું ચુકાદો આજરોજ તારીખ ૦૬ માહે માર્ચ ૨૦૨૬ના રોજ જાહેર કર્યો.

સ્થળ:વડોદરા.

તારીખ:૦૬/૦૩/૨૦૨૬.

(સંજયકુમાર સુમંતપ્રસાદ જાની)

એપ્લોઈઝ(વર્કમેન) કોમ્પેનસેશન કમીશ્નર અને લેબર જજ

(સીનીયર ડીવીઝન) લેબર કોર્ટ, વડોદરા.

જી.જે.૦૧૧૮૭.